# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-06-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## DNA સેમ્પલ મેચ:

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં DNA સેમ્પલ મેચનો કુલ આંક 80 થયો છે. જે પૈકી 33 પાર્થિવ દેહ સંબંધિત પરિવારજનોને સન્માનપૂર્વક સોંપાયા છે.અન્ય 2 વ્યક્તિનાં પરિવારજનોને ગત રાત્રે પાર્થિવદેહ સોંપવામાં આવ્યો હતો, તો 13 વ્યક્તિનાં પરિવારજનો આજરોજ અને 21 વ્યક્તિનાં પરિવારજનો પરિવારમાં પરામર્શ બાદ પાર્થિવદેહ સ્વિકારવા આવશે. જ્યારે બાકીનાં 11 વ્યક્તિનાં કિસ્સામાં પરિવારનાં અન્ય લોકો પણ આ જ દુર્ઘટનાનો ભોગ બન્યા હોવાથી અન્ય વ્યક્તિઓનાં DNA સેમ્પલ મેચ થયા બાદ પાર્થિવદેહ સ્વિકારવા આવશે. અમદાવાદમાં 12મી જૂને એર ઇન્ડિયાનું લંડન જઇ રહેલુ વિમાન મેઘાણીનગરમાં ક્રેશ થયું હતું. આ દુર્ઘટનાના પગલે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી ઓળખની કામગીરી અંગે અમદાવાદ સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. રજનીશ પટેલે ગઈકાલ પત્રકારોને આ માહિતી આપી હતી.

ઉલ્લેખનીય છે કે દરેક મૃતકના પરિવાર માટે એક અલાયદી ટીમ ફાળવવામાં આવી છે. આ ટીમમાં એક વરિષ્ઠ અધિકારી, પોલીસકર્મી અને એક પ્રોફેશનલ કાઉન્સેલરનો સમાવેશ થાય છે.

--------------------------------------------------------------------------------

## સ્વ. વિજય રૂપાણીના DNA મેચ :

પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીના DNA નમૂના મેચ થઈ ગયા છે. ભારતીય જનતા પાર્ટીની યાદી મુજબ, આજે સવારે સાડા 11 વાગ્યે શ્રી રૂપાણીના પાર્થિવ દેહને અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાંથી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ બપોરે તેમના પાર્થિવ

દેહને અમદાવાદથી રાજકોટ પહોંચાડવામાં આવશે. રાજકોટમાં સાંજે ચારથી પાંચ વાગ્યા સુધી સ્વર્ગીય રૂપાણીના નિવાસસ્થાને તેમના પાર્થિવ દેહને દર્શન માટે રાખવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## રાજકીય શોક :

પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીના અવસાન પર રાજ્યમાં આજે એક દિવસનો રાજકીય શોક જાહેર કરાયો છે. આજે તમામ ઇમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવાશે. આજે સાંજે રાજકીય સન્માન સાથે સ્વર્ગસ્થ વિજય રૂપાણીના અંતિમસંસ્કાર કરાશે.

---------------------------------------------------------------------------------------------

## હેલ્પ ડેસ્ક:

અમદાવાદ વિમાન દુર્ઘટનાગ્રસ્ત મુસાફરોના કાયદેસર વારસદારોને વીમા/દાવાની સહાય ચૂકવવા માટે હેલ્પડેસ્ક શરૂ કરાયા છે. સંબંધિત જિલ્લાના કલેક્ટર દ્વારા વિમાન દુર્ઘટનાગ્રસ્ત મુસાફરોના પરિવારજનોનો સંપર્ક કરી કાયદેસર વારસદારોને વીમા/દાવાની સહાય ચૂકવવા માટે સંબંધિત જિલ્લાનાં હિસાબી અધિકારી અને અન્ય અધિકારીઓની નોડલ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વીમા કંપનીઓને મુસાફર યાદીના આધારે તથા અન્ય જરૂરી માહિતી પૂરી પાડીને ક્લેમ ઝડપથી પ્રોસેસ થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

---------------------------------------------------------------------------------------------

## IMA દ્વારા રક્તદાન કેમ્પ:

ઇન્ડીયન મેડીકલ એસોસીએશન અને ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી કચ્છ જિલ્લા શાખાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે ભુજ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ 14 જૂનના રોજ IMA હોલ, ભુજ ખાતે યોજાયો હતો. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી તેમજ સામાન્ય જનતામાં રક્તદાન અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. આ ઉમદા હેતુને સાકાર કરવા માટે અનેક ડૉક્ટરોએ પોતે રક્તદાન કર્યું અને સમાજ માટે મજબૂત

સંદેશ આપ્યો હતો. કેમ્પમાં કુલ 45 રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું જેમાંથી 7 દાતાઓ પ્રથમ વખત રક્તદાન કરનાર હતા અને 6 મહિલા દાતાઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત રક્તદાતાઓને સર્ટીફીકેટનું વિતરણ પણ કરવામાં આવ્યુ હતું.આ સેવાકાર્યને સફળ બનાવવા માટે IMAના વરિષ્ઠ તબીબો તેમજ ભુજના વિવિધ જાતિ-સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ પણ હાજરી આપી હતી.

---

## <u>હવામાન/વરસાદની આગાહી:</u>

રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં ગઈકાલે ક્યાંક છૂટોછવાયો તો ક્યાંક મૂશળધાર વરસાદ વરસ્યો હતો.

અરબી સમુદ્રમાં સર્જાયેલ સર્કયુલેશનની  અસરથી આખું અઠવાડીયું વરસાદી માહોલ રહે તેવી હવામાન વિભાગની આગાહી વચ્ચે  રાપર શહેરમાં  4 ઈંચ તો તાલુકામાં  બેથી ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. તો ભુજ નખત્રાણા,ગાંધીધામ,ભચાઉ,મુન્દ્રા સહિતના તાલુકામાં ઝાપટા સ્વરૂપે  વરસાદની હાજરી જોવા મળી હતી.

દરમ્યાન હવામાન વિભાગે આગામી બે દિવસ જીલ્લાના અમુક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસવાની આગાહી કરી છે.

---

## <u>ગુજરાત રાજ્ય યોગ બોર્ડ:</u>

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સમગ્ર રાજ્યમાં યોજાતા સમર યોગ કેમ્પ અંતર્ગત મુંદરા તાલુકામાં બીજી વખત 15 દિવસીય નિ:શુલ્ક સમર કેમ્પનું આયોજન કરાયુ હતું. જેમાં ભારત વિકાસ પરિષદ  મુંદરા શાખા સહયોગી રહી હતી. આ કેમ્પમાં 120થી વધારે બાળકોએ ભાગ લીધો હતો. કેમ્પમાં બાળકોનો માનસિક અને શારીરિક વિકાસ થાય એ માટે નિત્ય યોગ, પ્રાણાયામ આસન વગેરે શીખવવામાં આવ્યા હતા.

---